## હરિ નજર - ખરી નજર




બાપુ અત્યારે હયાત હોત તો એમને કયા મુદ્દા પર સત્યાગ્રહ કરવો એ મૂંઝવણ ચોક્કસ થઈ હોત !

# આજે ગાંધીનગર ગાંધીબાપુને ભવ્ય અંજલિ આપશે

### શહેરની સ્વૈચ્છિક-સામાજિક સંસ્થાઓ દ્વારા રાષ્ટ્રપિતાના જન્મદિને વિશેષ કાર્યક્રમોનું આયોજન કરાયું

ગાંધીનગર, તા.૧


રાજયના પાટનગરનું જેના નામ પરથી નામકરણ થયું છે તે મહાત્મા ગાંધીનો આવતીકાલે જન્મદિવસ છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને ગાંધીનગરાઓ વિવિધ કાર્યક્રમો યોજી વિશેષરૂપે અંજલિ આપશે.

ગાંધીજીની જનમ જયંતિ નિમિત્તે ૨જી ઓકટોબરના રોજ શહેરમાં નીતનવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આવતીકાલે વહેલી સવારે ૬.૩૦ કલાકે કલાગુર્જરી સંસ્થા દ્વારા ટાઉનહોલની લોનમાં વિશેષ કાર્યક્રમ ગાંધી વંદનાનું આયોજન કરવામાં આવ્યું છે. સુપ્રસિદ્ધ કલાકાર હેમંત ચૌહાણ આ અવસરે ગાંધી ગીતો અને ભજનો રજુ કરશે. કલા ગુર્જરી સંસ્થાના સભ્યો અને મહાનુભાવો આ કાર્યક્રમમાં સવિશેષ ઉપસ્થિત રહેશે. તે પછી સવારે ૮.૩૦ કલાકે નગરની વિવિધ સંસ્થાઓ દ્વારા વિધાનસભાના પ્રાંગણમાં સ્થિત મહાત્મા ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિનો કાર્યક્રમ યોજાશે. વિવિધ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ પણ આ અવસરે ખાસ ઉપસ્થિત રહી પુષ્પાંજલિ અર્પણ કરશે. આ ઉપરાંત સવારે ૮.૩૦ કલાકે રોટરી કલબ, ગેઝીયા અને કલ્પતરુના સંયુકત ઉપક્રમે સાઈકલ મહાયાત્રાનું આયોજન કરવામાં આવ્યુ છે. ગાંધીજીના જન્મદિને પર્યાવરણ બચાવો અને વ્યસન મુકિત માટે યોજાનારી આ સાયકલ યાત્રામાં નગરના ૫ હજાર જેટલા યુવાનો જોડાશે. નગરના વિવિધ સ્થળોએથી પ્રસ્થાન પામનાર આ સાયકલ યાત્રા આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. સવારે ૧.૪૫ કલાકે રાજભવન ખાતે શહેર વસાહત મહામંડળ દ્વારા ભજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. નગરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં પણ વકતવ્ય સ્પર્ધા, નિબંધ સ્પર્ધા તથા ગાંધી ગીતોની સ્પર્ધા જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આખો દિવસ યોજાનાર વિધ વિધ કાર્યક્રમો થકી શહેર ગાંધીમય બની જશે.

## યુગનાયક સ્વામી વિવેકાનંદ

- રજનીકાંત ભટ્ટ

# પયગંબર મહમદ અને ઈસ્લામ



પયગંબર મહમદ અને સમાતાના ઉપદેશક હતા. તેઓ માનવ-માનવ વચ્ચે ભ્રાતૃભાવના પયગંબર હતા. ઈસ્લામ ધર્મમાં ઘણું સારું હતું.

પોતાના જીવન દ્વારા મહમદ પયગંબરે બતાવ્યું કે મુસલમાનો વચ્ચે સંપૂર્ણ સમાનતા અને ભ્રાતૃભાવ હોવો જોઈએ. તેમાં નાત, જાત, સંપ્રદાય, વર્ણભેદ કે જાતિભેદનો સવાલ જ ન હોવો જોઈએ. તુર્કસ્તાનનો સુલતાન આફ્રિકાના બજારમાંથી એક હબસી ગુલામ ખરીદી તેને ત્યાં લાવે, પણ જો તે મુસલમાન બને તો ખુદ સુલતાનની દીકરીને પણ દે પરણી શકે. હિન્દુઓનું ઊંચું તત્ત્વજ્ઞાન હોવા છતાં વ્યવહારમાં આપણી અનેક ક્ષતિઓ છે.

આ બધા પ્રાચીન ધર્મો આજ સુધી જીવંત છે તે હકીકત જ એ પુરવાર કરે છે કે તેમણે પોતાનો આદર્શ અકબંધ રાખ્યો છે, ઘણી ભૂલો છતાં, પુષ્કળ મુશ્કેલીઓ છતાં, અનેક ઝઘડાઓ છતાં, મૂર્તિઓ અને અનુષ્ઠાનોના આવરણો હોવા છતાં દરેકનું હૃદય સાબૂત છે, જીવતું જાગતું ધબકયા કરે છે. તેમાંના એકેય ધર્મે જે મહાન આદર્શ માટે પોતે સર્જાયો હતો તે ગુમાવ્યો નથી. કોઈ પણ માણસ મુસલમાન થાય છે કે તરત સમગ્ર મુસલમાન જગત કશા પણ ભેદભાવ સિવાય બાથ ભરી તેને ભાઈ તરીકે સ્વીકારે છે. બીજો કોઈ ધર્મ આમ કરતો નથી. સ્વામીજી કહે છે કે અમેરિકામાં તેઓએ હજુ એવું કોઈ દેવળ જોયું નથી કે જયાં ગોરા માણસો અને કાળા હબસીઓ એકસાથે, ઘૂંટણે પડીને પ્રાર્થના કરતા હોય. આ વાતનો જરા વિચાર કરો.

ઈસ્લામ તેના બધા અનુયાયીઓને એકસરખા ગણે છે. આમ તમે જોઈ શકશો કે આ ધર્મની આ એક વિશિષ્ટતા છે. સર્વ ઈસ્લામી અનુયાયીઓ વચ્ચે સમાજ ભ્રાતૃભાવ. મુસલમાનોમાં પયગંબર અને મહાત્માઓ પુજાય છે અને જયારે તેઓ નમાઝ પઢે છે ત્યારે પોતાના મોં કાબા તરફ રાખે છે. આ બધું બતાવે છે કે ધાર્મિક વિકાસના પ્રથમ તબક્કામાં મનુષ્યનો કોઈક બાહ્ય આવલંબનની જરૂર રહે છે. પરંતુ, જયારે અંતઃકરણ શુદ્ધ થાય છે ત્યારે તેઓ વધુ સૂક્ષ્મ ભાવો તરફ વળે છે.

સ્વામીજીએ ઈસ્લામ ધર્મનો અભ્યાસ કરેલો. સુક્ષિત મુસલમાનો એટલે કે સૂફીઓ હિન્દુઓથી જવલ્લે જ જુદા પડે છે. તેઓ ગોમાંસ ખાતા નથી અને બીજા કેટલાય રિવાજોમાં આપણા જેવા જ છે. ધાર્મિક ઉદારતાની વેદાન્તની ભાવનાએ ઈસ્લામ ધર્મ પર ઘણો પ્રભાવ પાડ્યો છે. જયારે બીજા દેશમાંથી મુસલમાનો આવીને ભારતમાંના મુસલમાનોને ઉપદેશ કરે છે કે તમે કાફીરો સાથે વસો છો ત્યારે જ મુસ્લિમ જનતા ઉશ્કેરાય છછે અને મારામારી કરે છે. આમ ન થવું જોઈએ.

અદ્વૈતવાદ એ ધર્મ અનો તત્ત્વજ્ઞાનની અંતિ મંઝીલ છે. ત્યાં પહોંચીને માણસ સર્વ ધર્મ અને સંપ્રદાયોને પ્રેમપૂર્વક જોઈ શકે. આ માનવજાતનો ભાવિ ધર્મ છે તેમ કહી શકાય. અદ્વૈત સિધ્ધાંતને બીજી પ્રજાઓ કરતાં પહેલા પહોંચવાનો યશ હિન્દુઓને મળે છે. કારણ કે યહૂદીઓ કે આરબો કરતાં તે પ્રજા પ્રાચીન છે. આમ છતાં હિન્દુઓ તેને આચરણમાં લાવવાનો અને વિશ્વવ્યાપક રીતે વિકસાવવાનો હજી બાકી છે. આ સિદ્ધાંતને વ્યાવહારિક જીવનમાં, રોજિંદા જીવનમાં ઉતારવાની ભૂમિકાએ જો કોઈપણ ધર્મ વખાણવા યોગ્ય હદે પહોંચી શકયો હોય તો તે કેવળ ઈસ્લામ જ છે. આપણી માતૃભૂમિ માટે તો એક જ આશા છે - હિન્દુ ધર્મ અને ઈસ્લામ ધર્મ જેવા બે મહાન ધર્મનો સંગમ - વેદાંતી બુદ્ધિ અને ઈસ્લામી શરીર. આ અંધાધૂંધી અને ઝઘડામાંથી વેદાંતી બુદ્ધિ અનો ઈસ્લામી શરીરયુક્ત, મહિમાવંત અને અજેય ભારતને પ્રગટતું સ્વામીજી તેમના માનસચક્ષુ વડે જોઈ રહ્યા છે.

# હીરામણિ સ્કૂલના ક્રિકેટ ખેલાડી સ્મિત પટેલનું ૪થીએ રાજયપાલના હસ્તે સન્માન

### ઉત્તમ વિકેટકીપર અને બેટ્સમેન સ્મિત પટેલને ૫ લાખનો ચેક અર્પણ થશે

ગાંધીનગર, તા. ૧

જન સહાયક ટ્રસ્ટ દ્વારા સંચાલિત હીરામણિ સ્કૂલના વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર તથા ક્રિકેટ વર્લ્ડ કપ-૨૦૧૨ના અંડર-૧૯ ટીમના ઉત્તમ વિકેટકીપર અને બેટ્સમેન સ્મિત પટેલનું તા. ૪થી ઓકટોબર-૨૦૧૨ના ગુજરાત રાજયના મહામહિમ રાજ્યપાલ ડૉ. કમલા બેનીવાલના હસ્તે સન્માનિત કરવામાં આવશે. ક્રિકેટ વર્લ્ડ કપ-૨૦૧૨માં હીરામણિ સ્કૂલના અંડર-૧૯ ટીમના કેપ્ટન સ્મિત પટેલે ઉત્તમ વિકેટકીપર તથા બેટ્સમેન તરીકે શાનદાર દેખાવ કરી ગુજરાત અને ભારતનું વિશ્વમાં ગૌરવ વધાર્યું છે.

આવા તેજસ્વી ક્રિકેટવીરને સન્માનિત કરવાનો સમારંભ તા. ૪થી ઓક્ટોબરક-૨૦૧૨ને ગુરૂવારે ૧૧.૩૦ વાગ્યે હીરીમણિ સ્કૂલ સાંસ્કૃતિક સભાગૃહ ખાતે ગુજરાત રાજ્યના મહામહિમ રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાના મુખ્ય મહેમાન પદે આયોજીત કરવામાં આવ્યો છે.

જેમાં સ્મિત પટેલને પાંચ લાખનો ચેક અર્પણ કરી સન્માનિત કરવામાં આવશે.

આ પ્રસંગે આલ્ફા ઈક્કાના ચેરમેન રાજેન્દ્રભાઈ ટીકમાણી ઉપસ્થિત રહેશે.

# આર.જી. પટેલ ગર્લ્સ સ્કૂલની વિદ્યાર્થીનીઓ વૉલીબૉલ-રાઈફલ શૂટીંગમાં રાજ્યકક્ષાએ પહોંચી







ગાંધીનગર, તા. ૧

આર.જી. પટેલ કન્યા શાળાની ધોરણ-૯ની વિદ્યાર્થીની પટેલ ધરાંગી અને ખાચર શ્રેયા બંનેએ જિલ્લા કક્ષાની રાઈફલ શુટીંગ સ્પર્ધામાં પસંદગી પામેલ છે. વ્યાયામ શિક્ષિકા શ્રી ઉર્વશીબેન દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ધોરણ-૧૧ની વિદ્યાર્થીની નીધી. આર. પટેલે વૉલીબૉલ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરીને રાજ્યકક્ષાની સ્પર્ધામાં પસંદગી પામેલ છે. વ્યાયામ શિક્ષિકા શ્રી ઉર્વશીબેન દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ હતું. આચાર્ય શ્રી સુધાબેન પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

# વીરમાયા સાંસ્કૃતિક ટ્રસ્ટ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૧

વીરમાયા સાંસ્કૃતિક ટ્રસ્ટ ગાંધીનગરના પ્રમુખ સુમંત મકવાણા અને મેનેજીંગ ટ્રસ્ટી વિજય સોલંકીએ સંયુક્ત યાદીમાં જણાવ્યું છે કે, ગાંધીનગરમાં વસતા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ આગામી દિવસોમાં યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે. જે અંતર્ગત સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ પાસેથી તેમના ગુણપત્રકો તથા જરૂરી વિગતો મોકલી આપવા જણાવાયું છે. ગાંધીનગરમાં વસતા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષ-૨૦૧૦-૨૦૧૧ અને ૨૦૧૨ના વર્ષ માટે ઉચ્ચ ટકાવારી મેળવી હોય તેવા ધોરણ-૧૦, ૧૨ તેમજ સ્નાતક, અનુસ્નાતક, ડૉક્ટર, એન્જીનીયર, ડેન્ટલ, ફાર્મસી, પી.ટી.સી.ની ડીગ્રી પાસ કરી હોય તેવા તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા ઈનામ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગેના નિયત ફોર્મ ૧૫મી ઓક્ટોબર સુધી મેળવી, સંપૂર્ણ ભરીને ટ્રસ્ટના પ્રમુખ સુમંત મકવાણા કે સેક્ટરના પ્રતિનિધિને મોકલી આપવા જણાવાયું છે.

# ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલનો ક્ષેત્રીય પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજાના નર્સરી, કે.જી. વિભાગ અને પ્રથમ તથા દ્વિતીય ધોરણના વિદ્યાર્થીઓનો ક્ષેત્રીય પ્રવાસ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો.

ગાંધીનગરના ફિલ્ડ ક્ષેત્રીય પ્રવાસ અંતર્ગત બાળકોને ઈસુ ખ્રિસ્ત, ઝૂલેલાલ ભગવાન, સાંઈ મંદિર અને અન્ય ધાર્મિક સ્થળોની મુલાકાત લઈ પ્રાર્થના, ભજન કીર્તન, બંદગીનું જીવનમાં શું મહત્વ છે તે સમજાવવામાં આવ્યું હતું. બાળકોમાં પ્રારંભથી જ સર્વધર્મ સમભાવની ભાવના વિકસે તે હેતુથી મંદિરોની મુલાકાતનો કાર્યક્રમ ગોઠવાયો હતો.

# એમ.બી.પટેલ હાઈસ્કૂલમાં વિમેન્સ ડૅવલપમેન્ટ સેમિનાર

ગાંધીનગર, તા. ૧

સર્વ વિદ્યાલય સંચાલિત એમ.બી.પટેલ અંગ્રેજી માધ્યમમાં કે.બી. ફાર્મસી કૉલેજના વિમેન્સ ડૅવલોપમેન્ટ સેલ દ્વારા વિમેન ડૅવલૉપમેન્ટ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉચ્ચત્તર માધ્યમિક શાળાની બહેનો માટે વ્યાખ્યાન યોજાતું હતું.

સેમિનારમાં તંદુરસ્તી અને આરોગ્ય, એનિમિયા તથા માસિક ધર્મ - માન્યતા અને હકીકત ઉપર જાણકારી આપી હતી.

શાળાના સુપરવાઈઝર શ્રીમતી સુપર્ણા મુખરજી, યોગેન્દ્ર ચૌહાણ, શ્રીમતી મોનિકા બ્રીજલાણી તથા ઈન્ચાર્જ આચાર્ય અર્પિત ક્રિશ્ચિયને રસપ્રદ જાણકારી આપી હતી.

# પ્રેરણા વિદ્યાલય સાયન્સ નાટ્ય સ્પર્ધામાં પ્રથમ

ગાંધીનગર, તા. ૧

નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સન્ટર દ્વારા નેશનલ સાયન્સ નાટ્ય સ્પર્ધા મહોત્સવ કાર્યક્રમમાં સાયન્સ એન્ડ સૉસાયટી થીમ પર રાખવામાં આવેલ નાટ્ય સ્પર્ધામાં પ્રેરણા વિદ્યાલય તરફથી ઉર્જાની કટોકટી વિષય પર કુંતલ નિમાવત લિખિત અને બ્રિજરાજસિંહ ઝાલા દિગ્દર્શિત 'દેખા એક ખ્વાબ' નાટક રજૂ કરવામાં આવેલ હતું અને પ્રથમ ક્રમનું વિજેતા પદ મેળવવામાં આવ્યું હતું.

શાળાના ટ્રસ્ટી શ્રી પ્રદિપસિંહ બિહોલા તથા આચાર્યા શ્રી સ્વાતિબા રાઓલે વિજેતા ટીમને અભિનંદન પાઠવેલ હતા.

# દહેગામની કોલેજ ખાતે ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિષયક સેમિનાર યોજાયો



દહેગામ, તા. ૧

દહેગામ આર્ટસ - કોમર્સ કોલેજ ખાતે આજરોજ` કુદરતી આપત્તિઓ: સજાગતા અને સુરક્ષાના ઉપાયોૈ વિષયક જનજાગૃતિ સેમિનાર યોજવામાં આવ્યો હતો.

જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગર દ્વારા ગુજરાત ેસ અકાદમી, ગાંધીનગર તથા ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ ( જી. એસ. ડી. એમ. એ.)ના ઉપક્રમે આ સેમીનાર યોજવામાં આવ્યો હતો.

નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના શ્રી અનિલભાઈ પટેલે તેમના વકતવ્યમાં વિશ્વમાં થયેલી વિવિધ આપત્તિઓ, તે બનવા પાછળનાં કારણો, તેની અસરો અને આવી આપત્તિઓ -સંગે કઇ સાવચેતીઓ રાખી શકાય તેની સર્દષ્ટાંત વિગતે વાત કરી હતી. સાથે જ તેમણે માનવસર્જિત આપત્તિઓને કારણે જે નુકશાન થતું હોય છે તેનો ઉલ્લેખ કરી શિક્ષણની સાથે વિવિક બુધ્ધિ, સમજદારી - સુઝભર્યા પગલાં વિશે વિદ્યાર્થીઓને માહીતગાર કર્યા હતા.

દહેગામ મામલતદાર શ્રી ભાર્ગવ પટેલે જી. એસ. ડી. એમ. એ. ની સમગ્રતયા કામગીરીની ભૂમીકા સાથે સરકારી તંત્ર દ્વારા આપત્તિ પહેલાં, દરમ્યાન અને પછીથી કરવામાં આવતી કામગીરીઓ સમજાવી હતી. તેમણે વિદ્યાર્થીઓ માટે આપત્તિ વ્યવસ્થાપનની સમજ- તાલીમ કઇ રીતે અનિવાર્ય છે તેની પણ વિગતે વાત કરી માર્ગદર્શન આપ્યું હતું.

પાટનગર -કાશના તંત્રી અને સામાજિક અગ્રણી શ્રી ભરતભાઈ કવિએ આપત્તિઓ સંદર્ભે ન્ટિ અને ઈલેકટ્રોનિક મીડિયાની ભુમિકા વિવિધ દૈષ્ટાંતો સાથે રજૂ કરી હતી. વિવિધ આપત્તિઓની પરિસથિતિમાં માનવીય સંવેદનાથી મીડિયા કઇ રીતે હકારાત્મક અને ઉપયોગી કામગીરી કરી શકે તેની માહિતી આપી હતી. કોલેજના આચાર્ય શ્રી ડો. હિતેશ ભટ્ટે આ સેમિનારની ઉપયોગીતા અનેકગણી છે એમ જણાવી વિદ્યાર્થીઓ પોતાની જાગૃતિ દ્વારા સમાજસેવાનું મોટું કામ કરી શકે છે તેમ જણાવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગરના નાયબ માહિતી નિયામક શ્રી -જ્ઞા પટેલે સંભાળ્યું હતું અને સેમિનારના વિષયની ભૂમિકા રજૂ કરી હતી. સેમિનારને સફળ બનાવવામાં કોલેજના -ા. ડો. કિરીટભાઈ પટેલ, ે. રવિ અમીન વગેરેએ સારો સહયોગ આપ્યો હતો. આ સેમિનારમાં કોલેજના -ધ્યાપકો તથા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# જે.બી. પ્રાથમિક શાળાની બે કૃતિઓ રાજય કક્ષામાં પસંદગી પામી

ગાંધીનગર, તા. ૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી. પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલી કૃતિઓ રાજ્ય કક્ષા માટે પસંદગી પામી છે. કુલ પાંચ વિભાગમાંથી વિભાગ-૨, દરિયાના પાણીમાંથી મીઠું, ઉર્જા અને શુધ્ધ પાણી મેળવવું. વિભાગ-૩, અકસ્માત નિવારણ અને તાત્કાલિક સારવાર પધ્ધતિ અંગેની કૃતિઓ પસંદ પામી હતી.

કૃતિઓ તૈયાર કરનાર - વાઘેલા હિરેન, શાહ નિકુંજ, ભાટી આકાશ, પટેલ આયુષ હતા. વિદ્યાર્થીઓને માર્ગદર્શન ગણિત-વિજ્ઞાનના શિક્ષકોએ આપેલ હતું. આચાર્ય શ્રીમતી નીવાબેન પટેલે અભિનંદન પાઠવેલ હતા.

# ભગવાન કૃષ્ણને પ્રશ્ન પૂછનાર માત્ર એક અર્જુન હતો, મારે તો કેટલા બધા અર્જુનો છે !

## પ્રસંગસર

- હર્ષદરાય ઉપાધ્યાય

આજે ૨ ઑક્ટોબર. આપણા પૂજ્ય બાપુનો જન્મદિવસ. આજે વિશ્વ તેમને વંદી રહ્યું છે તથા તેમના સિદ્ધાંતોને માર્ગે ચાલવા પ્રતિજ્ઞા લઈ રહ્યું છે ત્યારે જીવનના કેટલાક રમૂજી છતાં પ્રેરક પ્રસંગો પ્રસ્તુત કરું છું.

એકવાર બાપુ ટ્રેનમાં મુસાફરી કરતા હતા ત્યારે તે ડબ્બાના દરવાજે ઊભા રહી બહારનો નઝારો માણી રહ્યા હતા. અચાનક તેમના એક પગનું સ્લીપર નીચે પડી ગયું. તરત તેમણે બીજું પણ ફેંકી દીધું. કોઈકે પૂછ્યું, કેમ આમ કર્યું ? બાપુ હસીને બોલ્યા, આમ પણ એક સ્લીપર મને તો કામ જ ન લાગત. હવે જેને પડી ગયેલું એક સ્લીપર મળે તેને જો બીજું મળે તો તેને તો કામ લાગે ને !

બાપુ એક વખત ટ્રેનમાં બેઠા હતા અને બારી પાસે બીજા એક ભાઈ બેઠા હતા. ડબ્બામાં બીજા તેમની સાથે પણ હતા. હવે બારી પાસે બેઠેલા ભાઈને ભારે કફની બિમારી હતી. તે ભાઈ વારંવાર ખાંસી ખાતા અને પછી ડબ્બામાં થૂંકતા. બાપુથી આ સહન થયું નહીં. ત્રીજી વખત પેલા ભાઈએ ભારે ખાંસી ખાધી અને ડબ્બામાં થૂંક્યા પણ તે જ વખતે બાપુ ઝડપથી તેની પાસે ગયા અને હાથમાં તે કફ ઝીલી લીધો. સૌ અવાચક બની ગયા. પેલો ભાઈ ડઘાઈ ગયા. તેણે ધારીને જોયું અને બાપુને ઓળખી ગયો. તે બહુ શરમાઈ ગયો. તરત તેણે રૂમાલ વડે બાપુનો હાથ સાફ કરી માફી માગી. બાપુ બોલ્યા, આ ટ્રેન સોની છે. ઘણા આમાં મુસાફરી કરે છે. ગંદકીથી બિમારી ફેલાય. મારા દેશના નાગરિકો બિમાર પડે તે યોગ્ય નથી. આ આપણી ટ્રેન છે. તેને ગંદી કેમ કરાય ?

બાપુને બાળકો બહુ વ્હાલા હતા. હંમેશા તેઓ બાળકોથી ઘેરાઈને રહેતા. બાળકો તેમને પૂછે અને બાપુ સૌને હસીને જવાબ આપે. એક વખત એક બાળકે બાપુને પૂછ્યું, 'બાપુ, તમે અમારા પ્રશ્નોના જવાબ બહુ ટૂંકમાં આપો છો. જ્યારે અર્જુને કૃષ્ણને જે પૂછ્યું હતું તેના જવાબ બાપુ કેટલા વિસ્તારથી આપતા હતા. આવું કેમ ?' બાપુ હસ્યા અને બોલ્યા, 'દીકરા, એટલા માટે કેમ કે ભગવાન કૃષ્ણને પ્રશ્ન પૂછનાર માત્ર એક અર્જુન હતો. મારે તો કેટલા બધા અર્જુનો છે ?' અને સૌ ખડખડાટ હસી પડ્યા.

સાબરમતી આશ્રમમોં ક સવારે બાપુ અને અન્ય આશ્રમવાસીઓ દાતણ કરી રહ્યા હતા. એકભાઈ નળમાંથી છૂટથી પાણી વહેવડાવી રહ્યા હતા. તે જોઈ બાપુ બોલ્યા, 'ભાઈ, પાણી બહુ કિંમતી છે. તેનો ખોટો વ્યય ન કરવો જોઈએ.' પેલા ભાઈ સમજી ગયા અને કરકસરનો પાઠ શીખ્યા. હવે એક દિવસ સાબરમતી નદીના વહેતા પાણી આગળ બાપુ અને સૌ સવારે દાતણ કરી રહ્યા હતા . પેલા ભાઈ પણ જોડે હતા. તેમને બાપુની વાત યાદ હતી. તે કસકસરથી પાણી વાપરતા હતા. બાપુ તે જોઈને બોલ્યા, 'ભાઈ, નકામી કંજુસાઈ કરી રહ્યા છો. નદીના વહેતા પાણીનો છૂટથી ઉપયોગ કરો. સ્વચ્છતા વધુ સારી બાબત છે.' પેલા ભાઈ સમજી ન શકાય. તે બોલ્યા, 'બાપુ, આશ્રમમાં તો તમે પાણી વેડફવાની વાત જુદી રીતે કરી હતી, અહીં જુદું કહો છો. આમ કેમ ?' બાપુ હસીને બોલ્યા, 'એવું એટલા માટે કેમ કે ત્યાં પાણી ટાંકીમાં સંગ્રહેલું હતું. તે માટે વીજળી બળતી હોય છે. ત્યાં પાણીનો બગાડ ન કરાય. અહીં તો કુદરતી પાણી વહી રહ્યું છે. તમે ગમે તેટલું વાપરો છતાં તેનાથી પામીમાં ઘટ પડતી નથી. સમજ્યા ?' પેલા ભાઈ કરકસર અને કંજુસાઈનો તફાવત સમજી ગયા.



સ્વચ્છતાના બાપુ બહુ આગ્રહી હતા. એક વખત એક સજ્જનને ત્યાં બાપુ પધાર્યા હતા. પેલા સજ્જને બાપુને નાસ્તામાં સફરજન કાપી આપ્યું. બાપુ બોલ્યા, 'કાપતા પહેલાં સફરજન ધોયું હતું ?' પેલા ભાઈ તરત તે કાપેલું સફરજન પાછું લઈ ગયા અને નવું સફરજન ધોઈને લાવ્યા અને કાપીને ડીશમાં આપ્યું. ફરી બાપુ બોલ્યા, 'ભાઈ, ડીશ ધોઈ હતી ?' પેલા સજ્જન શરમાઈ ગયા. ફરી રસોડામાં જઈ ડીશ અને સફરજન ધોઈને લાવ્યા અને બાપુના દેખતાં કાપીને આપ્યું. વળી બાપુ બોલ્યા, 'તમે ડીશ અને સફરજન ધોયાં પણ શું છરીને તમે ધોઈ હતી ખરી ?' પેલા સજ્જનને સ્વચ્છતાની મૂળ વાત સમજાઈ ગઈ. આવા હતા સ્વચ્છતાના



આગ્રહી બાપુ.

એક વખત એક શહેરમાં અધિવેશન ભરાયું હતું. ત્યારે દેશ ગુલામ હતો. અંગ્રેજોની ગુલામીમાં આપણે હતા. અધિવેશનનો સમય સવારે ૯ કલાકનો હતો. સૌ સમયસર આવી ગયા હતા. પરંતુ એક નેતા પંદર મિનિટ મોડા આવ્યા. બાપુ તરત બોલી ઊઠ્યા, 'મિત્રો આપણે આઝાદી મેળવવા સક્રિય છીએ. પરંતુ આ આઝાદી પંદર મિનિટ મોડી મળશે.' આમ મોડા આવવાની મીઠી ટકોર કરી સમયપાલનનો પાઠ બાપુએ સૌને શીખવ્યો.